# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – રાજકોટ

શ્રી કરણસિંહજી હાઇસ્કુલ બિલ્ડીંગ, સીટી ગેસ્ટ હાઉસ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧.

ફોન નં : (૦૨૮૧) ૨૨૨૩૪૫૩ Email : rajkotdeo@gmail.com

आज़ादी का अमृत महोत्सव

ક્રમાંક: માધ્ય/ખ–૧/વિનિયમિત/માહિતી/૨૦૨૨/ ૨૮૧૪–૩૨૨૫ તા. ૨૭/૦૫/૨૦૨૨

**ઇ–મેઇલ દ્વારા /ટોચ અગ્રતા/સમયમર્યાદા**

પ્રતિ,

આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ માધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

જિ. રાજકોટ.

**વિષય :** શિક્ષણ વિભાગના ઠરાવ તા.૧૬/૦૪/૨૦૦૫ ના ઠરાવ અન્વયે શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની સેવા વિનિયમિત કરવામાં આવેલ હોય તેની વિગતો આપવા બાબત.

**સંદર્ભ :** (૧) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક : કચદ/૨૦૨૨/૨૪૫–૨૭૮, તા.૨૩/૦૫/૨૦૨૨.

(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક : કચદ/૨૦૨૨/૨૮૦–૩૧૩, તા.૨૫/૦૫/૨૦૨૨.

ઉપરોત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજકોટ જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફની મંડળ દ્વારા કરવામાં આવેલ અનિયમિત નિમણૂકોને શિક્ષણ વિભાગના તા.૧૬/૦૪/૨૦૦૫ ના ઠરાવ અન્વયે વિનિયમિત કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની વિગતો આ સાથે સામેલ નમુનાના પત્રકમાં ભરી જરૂરી આધાર–પૂરાવા સાથે, આ કચેરીને રૂબરૂ/ઇ–મેઇલ આઇડી **rajkotdeo11@gmail.com** પર **PDF સ્વરૂપે આચાર્યશ્રીના સહિ–સિક્કા સાથે તા. ૨૮/૦૫/૨૦૨૨ સમય : સાંજે ૪:૦૦ કલાક** સુધીમાં મોકલી આપવા આથી જણાવવમાં આવે છે.

**નોંધ:–**

(૧) ઉપરોક્ત સમયમર્યાદા બાદ મોકલેલ માહિતી ધ્યાને લેવામાં આવશે નહી. આ બાબતે ભવિષ્ય જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી આપશ્રીની રહેશે.

(૨) જે શાળાઓમાં ઉક્ત માહિતી "**NIL**" છે તેવી શાળાઓએ માહિતી મોકલવાની **નથી.**

(૩) શિક્ષણ વિભાગના **તા.૧૬/૦૪/૨૦૦૫** ના ઠરાવ અન્વયે વિનિયમિત કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની વિગતો જ માંગવામાં આવેલ છે, શિક્ષણ વિભાગના **તા.૨૪/૧૦/૨૦૧૭** ના ઠરાવ અન્વયે વિનિયમિત થયેલ કર્મચારીઓની વિગતો માંગવામાં આવેલ **નથી.** જેની ખાસ નોંધ લેવી.

H Lane

**જિલ્લા શિક્ષણાધિકારી**

**રાજકોટ**

**બિડાણ :–**

- નિયત નમુનાનું પત્રક
- શિ.વિ.નો તા.૧૬/૦૪/૨૦૦૫નો ઠરાવ

## શિક્ષણ વિભાગના ઠરાવ તા.૧૬/૦૪/૨૦૦૫ ના ઠરાવ અન્વયે શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની સેવા વિનિયમિત કરવામાં આવેલ હોય તેની વિગતો આપવા બાબત. (જિ.રાજકોટ)

| ક્રમ | શાળાનું નામ | કર્મચારીનું નામ | શૈક્ષણિક કે બિન શૈક્ષણિક | મંડળ દ્વારા કરવામાં આવેલ મૂળ નિમણૂક નિમણૂકની તારીખ | તા.૧૬/૦૪/૨૦૦૫ ના ઠરાવ અન્વયે વિનિયમિત કર્યા તારીખ | વિનિયમિત થવાના કારણે પુરા પગારમાં સમાવ્યા કે ફિક્સ પગારમાં | પુરા પગારમાં સમાવ્યા તારીખ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

તારીખ : /૦૫/૨૦૨૨

આચાર્યના સહિ–સિક્કા

**બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવામાં આવતી અનિયમીત નિમણૂકોને નિયમિત કરવા અંગે માર્ગદર્શક સિધ્ધાંતો નક્કી કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**શિક્ષણ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : બમશ-૧૩૯૯-૨૭૯૯-ગ,
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ : / /૨૦૦૫**
16 APR 2005

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨-૭-૯૯ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯-૭૪૨(૨)-ગ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૧-૧૨-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૩૯૯-૨૭૯૯-ગ.

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૦-૫-૦૨ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૩૯૯-૧૩૮૧-૨૦૦૦-ગ.

**આ મુ ખ :-**

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવામાં આવતી અનિયમિત નિમણૂકોને નિયમિત કરવા અંગે કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી તરફથી દરખાસ્ત વિભાગને મોકલવામાં આવે છે. વિભાગ દ્વારા આ સંબંધે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) ના ઠરાવથી વખતોવખત જરૂરી માર્ગદર્શક સિધ્ધાંતો બહાર પાડેલ છે તેમ છતાં આવી અનિયમિત નિમણૂકોને નિયમિત કરવા માટે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીને મળતી દરખાસ્તો કે જેમાં ઉકત ઠરાવથી બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંતોની શરતો પરિપૂર્ણ થતી ન હોવા છતાં, શિક્ષણના હેતુને બર લાવવા તથા વિદ્યાર્થીઓની કારકિર્દીને અસર ન થાય તે માટે કેટલીક દરખાસ્તોમાં ખાસ કિસ્સા તરીકે મંજુરી આપવા સરકારશ્રીના આદેશ મેળવી આપવા દરખાસ્તો રજૂ કરવામાં આવે છે.

**ઠ રા વ :-**

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંચાલકો દ્વારા અનિયમિત રીતે કરાયેલી નિમણૂકોને નિયમિત કરવા માટેના કિસ્સાઓમાં એકસુત્રતા જળવાઇ રહે તે હેતુથી ઉપર વંચાણે લીધેલ તા.૧૧-૧૨-૨૦૦૧ અને,તા.૧૦-૫-૨૦૦૨ ના ઠરાવો આથી રદ કરી અને તેને સ્થાને નીચે મુજબ નવેસરથી માર્ગદર્શક સુચનાઓ અમલી બનાવવાનું પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે.

૧. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરેલી નિમણૂકો માધ્યમિક શિક્ષણ ધારાની જોગવાઇઓ અનુસાર કે વખતોવખત તેમાં કરેલ સુધારાને અનુરૂપ શૈક્ષણિક લાયકાતો અને અન્ય લાયકાતો ધરાવતા હોવા જોઇએ. શૈક્ષણિક લાયકાતમાં કોઇ છુટછાટ મુકવામાં આવશે નહીં.

૨. બિન સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળઓમાં કરવામાં આવેલ તા.૩૦-૬-૨૦૦૨ સુધીની અનિયમિત નિમણુકોની દરખાસ્તને નિયમિત કરવા માટે ગુણદોષના આધારે પુરતી ચકાસણી બાદ સરકારશ્રીને રજુ કરવાની રહેશે. આ ઠરાવની તારીખથી છ માસના ગાળામાં આવા કેસો રજુ કરી દેવાના રહેશે. તા.૩૧-૭-૦૫ પછી આ પ્રકારના કોઇ કેસો વિચારણા માટે

હાથ ધરી શકાશે નહીં. તા.૧-૭-૦૨ પછી જો કોઇ કિસ્સામાં અનિયમિત નિમણૂક થયેલ હશે તો તે ભવિષ્યમાં કોઇપણ સંજોગોમાં નિયમિત કરવામાં આવશે નહીં.

૩. બિન સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સીધા નિયંત્રણ હેઠળ હોય છે ત્યારે જ્યારે પણ સંસ્થાઓના ઓડીટની કાર્યવાહી કરવામાં આવે ત્યારે આવી અનિયમિત નિમણૂંકના કિસ્સાઓ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ ચકાસવાના રહેશે અને તેને નિયમિત નિમણૂંક ન હોવાથી તથા પુરતી માર્ગદર્શક પ્રક્રિયા અનુસર્યા વગર નિમણૂંક કરવામાં આવેલ હોવાથી તેને નિયમિત કરી શકાશે નહીં. તેવી નિમણૂંક રદ કરવાની રહેશે અને તેને સ્થાને ફાજલ કર્મચારીમાંથી નિમણૂંક કરવાની રહેશે. આ માટે જે તે જિલ્લામાં પૂરતું સંખ્યાબળ ઉપલબ્ધ ન હોય તો નજીકના જિલ્લામાંથી મેળવવા કાર્યવાહી કરવાની રહેશે.

૪. ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ નોંધાયેલી અનુદાનિત (ગ્રાન્ટેડ) બીન સરકારી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનિયમિત નિમણૂંકો જે તારીખે નિયમિત કરતો હુકમ થાય તે તારીખથી જ નિયમિત નિમણૂંક તરીકે ગણાશે તથા નોંધાયેલી બીન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) બીન સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કેટલાક કિસ્સામાં જ્યારે ખાસ કિસ્સા તરીકે ગુણદોષના આધારે ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી આપવામાં આવે ત્યારે ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી મળ્યાનો હુકમ કરવામાં આવે તે તારીખથી જ તે શાળાના શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકોને નિયમિત નિમણૂંક તરીકે સ્વીકારવાપાત્ર થશે. અનિયમિત નિમણૂંકની તારીખથી આવો લાભ મળવાપાત્ર થશે નહી, પરંતુ આ બન્ને પ્રકારની શાળાઓ માટે શૈક્ષણિક લાયકાત કે અન્ય લાગુ પડતી લાયકાતોમાં કોઇ છુટછાટ આપવા પાત્ર થશે નહીં અને આ અંગેની દરખાસ્ત પુરતા ચેકલીસ્ટ સાથે તૈયાર કરી સરકારને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીની ભલામણ સહ કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના સ્પષ્ટ અભિપ્રાય સાથે તે કચેરી મારફત રજુ કરવાની રહેશે.

૫. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી આવી અનિયમિત નિમણૂંકોને નિયમિત કરવા પાછળના નક્કર કારણો રજુ કરવાના રહેશે અન્યથા આવા કિસ્સાઓમાં અનિયમિત નિમણૂંકોને નિયમિત કરવાની દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૬. અનિયમિત નિમણુકોને નિયમિત કરતી વખતે જો અનામતનું પ્રમાણ જળવાયું નહોય તો ભવિષ્યમાં થનાર ભરતીમાં તેનું પ્રમાણ જળવાય તે રીતે કાર્યવાહી કરવાની રહેશે. આ મુજબ અનામતની ભરતી પુરી થયા બાદ જ સંસ્થાને અનામત જગ્યા સિવાયની જગ્યાઓનું એન.ઓ.સી. આપી શકાશે. આ માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સંસ્થાઓના ઓડીટની કામગીરી થાય ત્યારે તેની પુરતી કાળજી લેવાની રહેશે. આમ કરવામાં જો સંસ્થા નિષ્ફળ જાય તો તેને ૧૦ ટકા ગ્રાન્ટ કાપ આપવાનો રહેશે.

૭. જે શાળાઓ શરૂઆતથી જ ગ્રાન્ટસાથે મંજુર થયેલ હોય અને ભરતી પરના પ્રતિબંધના કારણે એન.ઓ.સી. આપવામાં આવેલ ન હોય કે મેળવેલ ન હોય તો પણ સંસ્થા તરફથી શિક્ષણના હિતમાં ભરતી કરેલ હોય તેવા કિસ્સામાં તા.૧૧-૧૨-૨૦૦૧ પહેલાં નિમણુંક કરી હોય તો તેને તા.૧૧-૧૨-૨૦૦૧ થી માન્ય ગણવાની રહેશે ત્યારબાદની કોઇપણ નિમણુંકને નિયમિત કરવામાં આવશે નહીં.

૮. સંસ્થાએ કરેલ અનિયમિત નિમણુંકો જે તે વખતે વર્તમાનપત્રમાં બહોળી જાહેરાત આપી કે આંશિક જાહેરાત આપીને, પસંદગી સમિતિ મારફત મંજુરી મેળવી તથા મુલ્યાંકન દ્વારા કરેલી હોવી જોઇએ.

૯. સંસ્થાએ વખતોવખતના આ વિભાગના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ નકકી કરતાં માપદંડ મુજબ જગ્યાઓ મળવાપાત્ર થશે તેનાથી વધારાના સંખ્યાબળને કોઇપણ સંજોગોમાં નિયમિત કરી શકાશે નહીં.

૧૦. સંસ્થાઓને શૈક્ષણિક જરૂરિયાતના સંદર્ભમાં ભવિષ્યમાં જયારે પણ શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવાની થાય ત્યારે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પાસે એન.ઓ.સી. મેળવવાનું રહેશે. પરંતુ, આ પ્રકારનું એન.ઓ.સી. આપતા પૂર્વે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જયાં સુધી જે તે વિષયના ફાજલ શિક્ષકો કે બિનશૈક્ષણિક સ્ટાફ ફાળવી શકાય તેમ હોય ત્યાં સુધી એન.ઓ.સી. આપવાનું રહેશે નહીં. પરંતુ, જો ફાજલ કર્મચારી ઉપલબ્ધ ન હોય તો આસપાસના જિલ્લાઓમાં જો આ પ્રકારના વિષયના સરપ્લસ (ફાજલ) ઉપલબ્ધ હોય તો તેની વિગતો મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. આવી અનિયમિત નિમણુંક તા.૩૦-૬-૨૦૦૨ સુધીમાં થયેલ હોવી જોઇશે ત્યારબાદ જો કોઇપણ અનિયમિત નિમણુક કરવામાં આવેલ હશે તો તે માટે ખાસ કિસ્સામાં પણ નિયમિત કરવા મંજુરી આપવામાં આવશે નહીં પરંતુ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને તે માટે જવાબદાર ગણી શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

૧૨. બિન સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં થયેલ અનિયમિત નિમણુકોને નિયમિત કરવાની મંજુરી આપવામાં આવે ત્યારે વિભાગના તા.૨-૭-૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ થી બહાર પાડવામાં આવેલ બિન સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી અંગેની સુચના મુજબ નિમણુંક આપવાની રહેશે.

૧૩. જે શાળા/ સંસ્થાને અનિયમિત નિમણુકોને નિયમિત કરવાની પરવાનગી આપ્યા બાદ તા.૩૦-૬-૨૦૦૨ પછી જયારે પણ શૈક્ષણિક હેતુ માટે અનિવાર્યપણે ભરતી કરવાની થાય ત્યારે આવી નિમણુકો ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળની જોગવાઇ તથા

સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ મુજબ ભરતી કરવાની રહેશે અન્યથા નિયમાનુસારની કાર્યવાહી કરી, શાળાની માન્યતા રદ કરવામાં આવશે.

૧૪. અનિયમિત નિમણૂકોને ખાતાકીય ઓડીટ દરમ્યાન ખાસ કાળજીપૂર્વક ચકાસવાની રહેશે અને જો આવી કોઇ નિમણૂકો તા.૩૦-૬-૨૦૦૨ પછી કરવામાં આવેલ હોય તો તેને કોઇપણ સંજોગોમાં નિયમિત કરવાપાત્ર રહેશે નહીં અને જો ઓડીટ દરમ્યાન આવી કાળજી લેવામાં આવી નહીં હોય તો જે તે વખતના ઓડીટ અધિકારીની પૂર્ણ જવાબદારી રહેશે. પરંતુ, જો વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાત સંદર્ભે અનિવાર્યપણે આવી નિમણૂક કરવાની થતી હોય તો તે નિમણૂક આપતા પૂર્વે આ તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તેવા કેસો જ વિભાગને તેના ગુણદોષના આધારે યોગ્ય ભલામણ સહ રજુ કરવાની રહેશે.

૧૫. શરૂઆતથી જ અનુદાનિત (ગ્રાન્ટ સહિત) તેમજ બીન અનુદાનિત (ગ્રાન્ટ વિના) નોંધાયેલી બીન સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બીન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સાઓમાં તદઅનુસારની કાર્યરીતિ અનુસરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૫-૩-૨૦૦૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અરવિંદ પડૂક)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત વડી અદાલત, સોલા, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, રાયખડ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પંચ, રાયખડ, અમદાવાદ.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦+૨ ખાસ ઘટક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, (એ એન્ડ ઇ.) ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- મહાલેખાધિકારીશ્રી નં.૧, ગુજરાત, અમદાવાદ.
- મહાલેખાધિકારીશ્રી નં.૨, ગુજરાત, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સંબંધિત માન્ય મંડળો (કમિશ્નરશ્રી, શાળાઓ મારફત)
- શિક્ષણ વિભાગની ગ.૧ અને છ શાખાઓ.
- સિલેક્ટ ફાઇલ, ગ-શાખા,
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.